**સ્થાનિક વળતર ભથ્થાં(CLA) ના દરમાં વધારો કરવા બાબત**

ગુજરાત સરકાર
નાણા વિભાગ
**ઠરાવ ક્રમાંક : પગર/૧૦/૨૦૨૨/ઓ-૩૬૦/પગાર એકમ (ચ)**
સચિવાલય, ગાંધીનગર.
**તારીખ: ૨૪/૦૯/૨૦૨૨**

**વંચાણે લીધા:**

(૧) નાણા વિભાગનો તા.૨૦/૦૧/૧૯૯૮ નો ઠરાવ ક્રમાંક: પીજીઆર/૧૦૯૮/૧૦/મ
(૨) નાણા વિભાગનો તા.૧૬/૦૫/૨૦૦૮ નો ઠરાવ ક્રમાંક: વલભ/૧૦૨૦૦૭/૨૦૧૬/ચ
(૩) નાણા વિભાગનો તા.૨૭/૦૨/૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક: પીજીઆર/૧૦૦૯/૭/પે સેલ (મ)
(૪) ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ જાહેરનામા તા.૧૯/૦૮/૨૦૧૬

**આમુખ:**

નાણા વિભાગના તા.૧૬/૦૫/૨૦૦૮ ના ઠરાવથી રાજ્યના શહેરોને અ-૧, અ, બ-૧, બ-૨ તેમજ ક વર્ગમાં વર્ગીકૃત કરવામાં આવેલ હતા. ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯ ના અમલ બાદ નાણા વિભાગના તા.૨૭/૦૨/૨૦૦૯ ના ઠરાવથી આ શહેરોને "X", "Y", તથા "Z" મુજબ વર્ગીકૃત કરવામાં આવેલ હતા તથા સ્થાનિક વળતર ભથ્થાં (CLA) ના દરની સુધારણા કરવામાં આવેલ હતી. આ વર્ગીકરણના આધારે રાજ્ય સરકારના કર્મચારીઓને સ્થાનિક વળતર ભથ્થું (CLA) હાલમાં ચુકવવામાં આવે છે.

ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ અમલમાં આવતા રાજ્ય સરકારના કર્મચારીઓના કિસ્સામાં સ્થાનિક વળતર ભથ્થાં (CLA) ના દરની સુધારણા કરવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી.

**ઠરાવ**

પુખ્ત વિચારણાને અંતે, રાજ્ય સરકારના કર્મચારીઓના કિસ્સામાં સ્થાનિક વળતર ભથ્થાં (CLA) ના દરની નીચે મુજબ સુધારણા કરવાનું ઠરાવવામાં આવે છે.

૧. સ્થાનિક વળતર ભથ્થું (CLA) નીચે દર્શાવેલ દર મુજબ મળવાપાત્ર થશે.

| **ક્રમ** | **પે-મેટ્રીક્સમાં પગારનું લેવલ** | **શહેરોના વર્ગીકરણ મુજબ સ્થાનિક વળતર ભથ્થાંની માસિક રકમ** | |
|---|---|---|---|
| | | **X** | **Y/Z અને અન્ય** |
| ૧. | લેવલ-૪ અને તેનાથી ઉપર | ૩૬૦ | ૨૭૦ |
| ૨. | લેવલ-૧ થી ૩ | ૨૨૦ | ૧૭૦ |
| ૩. | લેવલ-૧ થી નીચે | ૧૪૦ | ૧૧૦ |

૨.	સ્થાનિક વળતર ભથ્થું (CLA) ચૂકવવાના હેતુ માટે શહેરોનું વર્ગીકરણ કરતા હુકમો હવે પછી બહાર પાડવામાં આવશે.

૩.	સ્થાનિક વળતર ભથ્થાં (CLA) ની મંજૂરી સંદર્ભેની અન્ય લાગુ પડતી જોગવાઇઓ તથા ગુજરાત મુલ્કી સેવા (પગાર આધારિત ભથ્થાં) નિયમો, ૨૦૦૨ માં દર્શાવેલ અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

૪.	આ હુકમો પંચાયત સેવાના કર્મચારીઓ તેમજ ગ્રાન્ટ–ઇન–એઇડ સંસ્થાના કર્મચારીઓ કે જેઓને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ મુજબના પગાર ધોરણ સુધારણાના લાભ સરકારશ્રીની સ્પષ્ટ મંજૂરીથી આપવામાં આવેલ હોય તેઓને પણ સમાન રીતે લાગુ પડશે.

૫.	આ ઠરાવનો અમલ તા.૦૧/૧૦/૨૦૨૨ થી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જીનલ એન. ચૌધરી)
સેક્શન અધિકારી
નાણા વિભાગ

**નકલ રવાના:**

પ્રતિ,
*માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
*માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
*અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સચિવાલયના તમામ વિભાગો/સર્વે ખાતાના વડાઓ/સર્વે કચેરીઓના વડાઓ.
સર્વે નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના જાહેર સાહસો.
એકાઉન્ટન્ટ જનરલશ્રી(ઓડીટ/એ.એન્ડ ઇ.), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, સ.સ.ન.નિગમ લી. અમદાવાદ/ગાંધીનગર/વડોદરા
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, સ્થાનિકભંડોળ હિસાબ, ગાંધીનગર.
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ
નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ
સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ..... વેબસાઇટ ઉપર મુકવા સારૂ. /સિલેક્ટ ફાઇલ

------------------------------

*પત્ર દ્વારા